# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી

અમરેલી

બહુમાળી ભવન, બ્લોક- સી, રૂમ નં- ૧૧૦,૧૧૧, પ્રથમ માળ.

ફોન નં:- ૦૨૭૯૨-૨૨૩૬૩૦

E-mail :- amrelidso.ysca@gmail.com

જા.નં.-જીરગઅ/ ૧૩૧૦ /૨૦૨૧-૨૨ તારીખ- ૦૪/૦૮/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ

અમરેલી જિલ્લો.

વિષય:- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રગીતનું ગાન કરવા અને પ્રમાણપત્ર ડાઉનલોડ કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : યસપ/ઉજવ/આ.કા.અ.રાષ્ટ્રગીત/૨૦૨૧-૨૨/૬૯૩૦ તા.૦૩/૦૮/૨૦૨૧ અન્વયે.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત રાષ્ટ્રગીતનું ગાન કરવા તથા તે અંગેનું આપની શાળાના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર http://rashtragaan.in વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવા માટે આથી જણાવવામાં આવે છે. રાષ્ટ્રગીતનું ગાન તથા પ્રમાણપત્ર ડાઉનલોડ કરવા માટે નીચે મુજબ પ્રક્રિયા કરવાની રહેશે.

- STEP-1 ઉપરોકત વેબસાઇટ પર જઈ નામ, વયજુથ અને રાજ્ય પસંદ કરી રજીસ્ટ્રેશન કરવું.
- STEP-1 લાઈવ રેકોર્ડ થવા કેમેરો ચાલુ થશે અને ૧...૨...૩...નું કાઉન્ટ થશે અને રાષ્ટ્રગીતની ધૂન ચાલુ થશે, રાષ્ટ્રગીતના શબ્દો આવશે, જેમાં સાવધાનની સ્થિતિમાં ઊભા રહી સાથે રાષ્ટ્રગીત ગાવાનું રહેશે.
- STEP-1 રાષ્ટ્રગીત પુરૂ થયા બાદ બાજુમાં અપલોડ કરવાનું રહેશે.
- STEP-1 અપલોડીંગ બાદ ઓનલાઈન પ્રમાણપત્ર ડાઉનલોડ કરવાનું રહેશે.

અમરેલી જિલ્લાનાં ડાઉનલોડ થયેલ પ્રમાણપત્રોની રોજેરોજની સંખ્યા કમિશ્નરશ્રીને મોકલી આપવા જણાવવામાં આવેલ હોય, જેથી જિલ્લાના તમામ સી.આર.સી.શ્રીઓએ આપના કાર્યક્ષેત્રની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી પાસેથી પ્રમાણપત્રો ડાઉનલોડ થયા અંગેની રોજેરોજની સંખ્યાની માહિતી મેળવીને બી.આર.સી.શ્રીને મોકલવાની રહેશે. બી.આર.સી.શ્રીઓએ દરરોજની પોતાના તાલુકાની કુલ સંખ્યા તાલુકા પ્રાથમિક શિક્ષણાંધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ પોતાના તાલુકાની કુલ સંખ્યા નીચેના પત્રક મુજબ જિલ્લા રમત ગમત અધિકારી કચેરી અમરેલીના ઈ-મેઈલ આઈ.ડી. amrelidso.ysca@gmail.com પર બપોરના ૪:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.

::પત્રકનો નમૂનો ::

| ક્રમ | તાલુકાનું નામ | રાષ્ટ્રગીતનું પ્રમાણપત્ર મેળવેલ સ્ટાફ અને વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | વિશેષ નોંધ |
|---|---|---|---|
| | | | |

(અશરફ આર.કુરેશી)
જિલ્લા રમત ગમત અધિકારી
અમરેલી

(એમ.જી.પ્રજાપતિ)
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

<u>નકલ રવાના :</u>

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

અમરેલી જિલ્લો ( અમલવારી કરવા સારૂ)

Scanned by CamScanner